Estd.1971

# SHRI H.N. DOSHI ARTS & R.N. DOSHI COMMERCE COLLEGE

(Affiliated to Saurashtra University)

Nyalchand Doshi Vidyanagar. WANKANER - 363 621. (Dist. MORBI) GUJARAT

Managed by : SHRI H.N.DOSHI & SHRI R.N. DOSHI EDUCATIONAL AND CHARITABLE TRUST. Regi. No. E-489 Dt. 20-3-1971

■ Uni. College Code : RAJ25001 (OLD - 30001) ■ D.P. Code : 32 ■ Zone Code : 94

Out Ward No ______________ Date ______________

પ્રતિશ્રી,

વિષય: પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષામાં ફેરફાર ની સૂચના આપવા અને હોલ ટિકિટ મોકલવા બાબત.

શ્રીમાન,

જત કોલેજની વર્ગ-3 ની હેડ ક્લાર્ક જગ્યા -1, સિનિયર ક્લાર્ક જગ્યા -1 અને જુનિયર ક્લાર્ક જગ્યા -1 ની ભરતી માટેની જાહેરાતના અનુસંધાને આપના દ્વારા અરજી કરવામાં આવેલ હતી. તે સંદર્ભે સંસ્થા દ્વારા લખવામાં આવેલ તા.01/04/2026 ના પત્ર અનુસાર પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષા હેડ ક્લાર્કની તા.03/05/2026, સિનિયર ક્લાર્કની તા.04/05/2026 અને જુનિયર ક્લાર્કની તા.05/05/2026 ના રોજ યોજવામાં આવેલ હતી.

**ગુજરાત ગૌણ સેવાના ભરતીના નિયમો અનુસાર પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષા (MCQ પ્રકારની) 150 માર્ક્સની સંયુક્ત પરીક્ષા રાખી શકાય છે. તેથી સંસ્થા દ્વારા આ ત્રણેય જગ્યાઓ માટેની પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષા નીચે મુજબ સંયુક્ત રીતે લેવામાં આવશે. જેથી ઉમેદવારોએ અલગ-અલગ તારીખે પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષા આપવા માટે સંસ્થામાં આવવાનું રહેશે નહીં. અલગ-અલગ જગ્યાઓ જેવી કે હેડ ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક માટે અરજી કરનાર અને હોલ ટીકીટ મેળવનાર બધા જ ઉમેદવારોએ પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારની આપવા માટે નીચે મુજબની વિગતે હાજર રહેવાનું છે અને હોલ ટીકીટમાં પોતાનો ફોટો લગાવીને આવવાનું રહેશે.**

| પરીક્ષાની તારીખ અને વાર | રિપોર્ટીંગ / હાજર થવાનો સમય | પરીક્ષાનો સમય | સ્થળ | કોને હાજર રહેવાનું ? |
|---|---|---|---|---|
| તા. 05/05/2026 મંગળવાર | સવારે 10:00 કલાકે | સવારે 11:00 કલાકે | શ્રી દોશી કોલેજ કેમ્પસ, વાંકાનેર જિ. મોરબી | હેડ ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ની પરીક્ષા માટે હોલ ટીકીટ મેળવનાર બધા જ ઉમેદવારોએ... |

ઉપરોક્ત પરીક્ષા પૂરી થયે નિયમ મુજબ મેરીટમાં આવેલ ઉમેદવારોની મુખ્ય પરીક્ષા બહુ જ ટૂંક સમયમાં લેવામાં આવશે. વધુ વિગત માટે કોલેજની વેબસાઈટ doshicollegewkr.org જોતા રહેશો. આ સાથે આપની હોલ ટીકીટ સામેલ છે તે ચેક કરી લેશો. હોલ ટિકિટ વગર પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મળશે નહીં. ઉપરાંત 150 માર્કસની MCQ પ્રકારની પ્રથમ પ્રારંભિક / પ્રાથમિક પરીક્ષાના માર્ક્સ મેળવવાના નિયમો તથા પરીક્ષા દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો આ સાથે સામેલ છે.

સેક્રેટરી
મેનેજીંગ કમીટી
શ્રી એચ. એન. દોશી આર્ટસ એન્ડ
આર. એન. દોશી કોલેજ ઓફ કોમર્સ
વાંકાનેર

Estd.1971

# SHRI H.N. DOSHI ARTS & R.N. DOSHI COMMERCE COLLEGE

(Affiliated to Saurashtra University)

Nyalchand Doshi Vidyanagar. WANKANER - 363 621. (Dist. MORBI) GUJARAT

Managed by : SHRI H.N.DOSHI & SHRI R.N. DOSHI EDUCATIONAL AND CHARITABLE TRUST. Regi. No. E-489 Dt. 20-3-1971

■ Uni. College Code : RAJ25001 (OLD - 30001) ■ D.P. Code : 32 ■ Zone Code : 94

Out Ward No ______________ Date ______________

1. Scheme for Common Preliminary Examination for all Cadres

**Total Marks : 150** **Time: 2 Hours**

| Sr. No. | Topic | Marks | Sr. No. | Topic | Marks |
|---|---|---|---|---|---|
| 1 | Gujarati | 15 | 4 | Quantitative Aptitude | 30 |
| 2 | English | 15 | 5 | Reasoning | 60 |
| 3 | General Awareness and Current Affair | 30 | **TOTAL MARKS** | | **150** |

2. The objective type Elimination Test shall consist of Multiple Choice Questions (MCQs).
3. Every question shall be of 1 mark.
4. The medium of examination shall be Gujarati for all topics except the topic on English.
5. The candidate shall have to attempt all questions.
6. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.
7. In every question there shall be one option of "Not attempted". If the candidate does not intend to answer, he may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.
8. The candidate who belongs to a person with disability category may be allowed a compensatory time of twenty minutes per hour for each hour of paper as may be applicable.
9. If the candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of 0.25.

➢ <u>પરીક્ષા દરમ્યાન ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ</u>

1) ઉમેદવારોએ હોલ ટીકીટમાં પોતાનો ફોટો લગાવવો અને બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે રાખવા અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. ફોટાની પાછળ પોતાનું પૂરું નામ ગુજરાતીમાં લખવું.
2) પરીક્ષા પૂરી થયા પહેલા પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની પરવાનગી આપવામાં આવશે નહીં.
3) ઉમેદવારે કોઇપણ પ્રકારના ઈલેક્ટ્રોનીક ઉપકરણ લઈ જવાનની મનાઈ છે. જેવા કે, સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, ટેબલેટ, આઈપેડ , સ્માર્ટ વોચ અથવા બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનીક ઉપકરણ લઈ જવાની મનાઈ છે.
4) કોલેજે પાસે ઉપરોક્ત ઉપકરણો રાખવાની વ્યવસ્થા ન હોય તેની જવાબદારી વિદ્યાર્થીઓએ પોતે જ કરવાની રહેશે.
5) ઉમેદવારોએ તમામ પ્રશ્નોના જવાબ પોતાના સ્વહસ્તાક્ષરમાં આપવાના રહેશે.
6) આ ઉપરાંત નીચેની બાબતોનો સમાવેશ ઉમેદવારી રદ્દ કરવા માટે જવાબદાર બનશે.

A. પોતાની ઉમેદવારી માટે કોઈપણ રીતે સમર્થન મેળવવું.
B. ખોટા અથવા ફેરફાર કરેલા દસ્તાવેજો રજુ કરવા.
C. ખોટી માહિતી આપવી અથવા મહત્વની માહિતી છુપાવવી.
D. પોતાની ઉમેદવારી માટે કોઈપણ ગેરકાયદેસર અથવા ખોટા રસ્તાઓનો ઉપયોગ કરવો.
E. પરીક્ષા દરમ્યાન ગેરરીતીનો ઉપયોગ કરવો.
F. પ્રશ્નપત્રમાં ખરાબ, બકવાસ અથવા વિષય સાથે સંબંધ ન ધરાવતી વાતો લખવી.
G. પરીક્ષા ખંડમાં ખરાબ વર્તન કરવું, બીજા ઉમેદવારોને ખલેલ પહોંચાડવી, પરીક્ષામાં રોકાયેલ સ્ટાફને હેરાન કરવા અથવા નુકશાન પહોચાડવું.
H. ઉપરોક્ત કોઇપણ કામ કરવાનો પ્રયાસ કરવો અથવા બીજા લોકોને એવું કરવા પ્રોત્સાહિત કરવા.

સેક્રેટરી
મેનેજીંગ કમીટી
શ્રી એચ. એન. દોશી આર્ટસ એન્ડ
આર. એન. દોશી કોલેજ ઓફ કોમર્સ
વાંકાનેર